

શ્રી પાર્શ્વનાથ ભગવાન દિગંબર જૈન મંદિર, કુંદાદ્રિ (કર્ણાટક)

# કુન્દાદ્રિ (કુન્દકુન્દબેટ્ટ)

આ યાત્રાસ્થળે પહોંચવા માટે નરસીંહરાજપુર, જિલ્લો-તીર્થહલ્લી હૂમચાથી સીધા આવી શકાય છે. ત્યાંથી કુન્દાદ્રિ પહાડ ૮ કિ.મી. દૂર છે, જ્યાં ગાડીથી અથવા ચાલતાં જઈ શકાય છે. રસ્તો ખરાબ-કાચો હોવાથી ચોમાસામાં ગાડી લઈને જવામાં મુશ્કેલી પડે છે. અહીંથી આગળ આગુમ્બે નામનું ગામડું છે. ત્યાં સુધી ગાડી લઈ જઈ શકાય છે. એથી આગળ લગભગ ૧૪ કિ.મી. દૂર આગુમ્બે ઘાટી છે, જ્યાં ફક્ત નાની બસ (મીની બસ) જઈ શકે છે. આ ઘાટીથી આગળ હેબ્રી નામનું સ્થાન આવે છે, જ્યાંથી વારાંગ અને કારકલ જવા માટે રસ્તો છે. એક મીની બસ સાગર-હૂમચા-તીર્થહલ્લી-કુન્દાદ્રિ-આગુમ્બે-કારકલ-મૂડબિદ્રી સુધી જાય છે. શ્રૃંગેરીથી પણ અહીં બસ આવે છે. તેમજ નરસીંહરાજપુરથી પણ એક મીની બસ આવે છે. આગુમ્બે ઘાટી પાસે ઘણા રસ્તા ભેગા થાય છે. અહીં ગાઢ જંગલ છે અને અહીં વરસાદ પણ બહુ જ થાય છે. તેથી આ તરફ આવવામાં રસ્તાનું પૂરૂં જ્ઞાન હોવું જરૂરી છે. મોટી બસ આગુમ્બે ગામ સુધી જઈ શકે છે. ત્યાંથી ઉતરવાનું શરૂ થાય છે, જે આશરે ૧૪ કિ.મી. છે.

કુન્દાદ્રિનાં દર્શન કરીને નરસીંહરાજપુર અથવા હૂમચા પાછું આવવું જોઈએ અથવા વારાંગ જવું જોઈએ. કુન્દાદ્રિની તળેટીમાં પૂજારી રહે છે. ત્યાં પૂજારીને અર્ચક કહે છે. ત્યાં ધર્મશાળા નથી. પહાડ ઉપર સરકારી ગેસ્ટ હાઉસના ચાર રૂમ છે તથા હૂમચા મઠના પ્રબન્ધમાં એક ધર્મશાળા છે, જ્યાં પાણી-વિજળીની સગવડ છે. એક મોટો હોલ છે. છતાંય પહાડ ઉપર રહેવામાં મુશ્કેલી પડે તેવું છે. કુન્દાદ્રિ હાલ કર્ણાટકના ચિકમંગલૂર જિલ્લામાં આશરે ત્રણેક હજાર ફીટ ઊંચાઈનો પહાડ છે. પૂજ્ય શ્રી કુન્દકુન્દાચાર્યદેવનાં કારણે પ્રાચીન સમયથી આને એક તીર્થ માનવામાં આવેલ છે. અહીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવે તપ કર્યુ હતું અને તેઓ અહીંથી વિદેહ ક્ષેત્ર ગયા હતા તેમ કહેવાય છે. આ પહાડ ઉપર આ મહાન આચાર્યની સ્મૃતિરૂપે એક ૧૩ પાંખડીનું કમળ બનાવેલું છે.

શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો જન્મ દક્ષિણ ભારતમાં કૌણ્ડકુન્દપુર નામનાં ગામડામાં ઈસાની પહેલી શતાબ્દીમાં એટલે કે આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં થયો હતો. તેમનાં ગામનાં નામ ઉપરથી જ તેઓ કુન્દકુન્દ કહેવાયા હશે તેમ ધારી શકાય. તેમનું ખરૂં નામ તો પદ્મનંદી બતાવવામાં આવેલ છે. તે સિવાય તેમનાં બીજા પણ ચાર નામો છે. આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી બીજા અથવા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીનાં તેમને શિષ્ય માનવામાં આવે છે. દિગંબર જૈન સમાજમાં તેઓશ્રીની પ્રતિષ્ઠા વધી ત્યારથી સમાજ-મૂળ સંઘ તેમને કુન્દકુન્દ આમ્નાયનાં નામથી ઓળખવા લાગ્યો. દક્ષિણ ભારતનાં શિલાલેખોમાં તેઓશ્રીનું નામ "કોણ્ડકુન્દ" આવે છે. આચાર્ય શ્રી કુન્દકુન્દદેવના પ્રમાણિત ગ્રંથોની રચના ખરેખર અદ્વિતીય છે. શ્રી પ્રવચનસાર, શ્રી સમયસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી નિયમસાર, વિગેરે ૮૪ ગ્રંથોની તેમણે રચના કરી છે. તેથી જ માંગળિકનાં

શ્લોકમાં ગૌતમ ગણધર પછીથી તેમને નમસ્કાર કરવામાં આવે છે.

શ્રી કુન્દકુન્દાચાર્યદેવનાં સંબંધમાં એવું કહેવાય છે કે તેઓશ્રી જૈન સિદ્ધાંતનાં વિષયમાં ઉંડા ઉતરવા માટે તેઓ ભરતક્ષેત્રમાંથી સદેહે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર શ્રી સીમંધરસ્વામીનાં સમવસરણમાં ગયા હતા અને ત્યાં એક અઠવાડીયું રહ્યા હતા. અઠવાડીયા બાદ ભરતક્ષેત્રમાં પરત આવીને તેમણે શાસ્ત્રોની રચના કરી હતી. એમ કહેવાય છે કે શ્રી સીમંધરસ્વામીએ તેમને "સદ્ધર્મવૃદ્ધિરસ્તુ" અર્થાત્ "સદ્ધર્મની વૃદ્ધિ હો" - તેમ દિવ્યધ્વનીમાં કહેલ હતું. તે સાંભળીને બીજા ભવ્ય જીવોએ તીર્થંકર ભગવાનને પૂછયું તો શ્રી સીમંધરસ્વામીએ ઉત્તરમાં કહ્યું કે "ભરતક્ષેત્રનાં કુન્દકુન્દને મેં આશીર્વાદ દીધા છે." તેઓ સશરીર બીજે પણ ગયા હતા તેમ અનેક સ્થળે જાણવા મળે છે. ઈસાઈ ધર્મમાં આવી ઘટના લિપિબદ્ધ છે. તેથી મહાવિદેહક્ષેત્રનાં તેઓનાં ગમન વિષે જરા પણ શંકા કરવા જેવું નથી. શ્રી કુન્દકુન્દદેવને તીર્થંકર ભગવાન પાસેથી દિવ્ય જ્ઞાન મળેલ છે.

કુન્દાદ્રિ ઉપર એક કુંડ છે કે જે પાદુકાશ્રમની પાસે જ છે. તે કુંડને "પાપનાશિની" કહે છે. તે કુંડનું પાણી પીવાનાં કામમાં આવે તેવું છે. આ કુંડ કુદરતી છે અને પર્વત ઉપર છે. અહીં બે ગુફાઓ પણ છે. આ કુંડ પાસે એક પ્રાચીન શ્રી પાર્શ્વનાથ મંદિર છે. તેની સામે એક માનસ્થંભ છે. તે મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની અદ્ભુત કાયોત્સર્ગ પ્રતિમા છે, જેની ફરતો સાત ફેણવાળો એક સર્પ વીંટળાયેલો છે. આ પ્રતિમાજીનાં ઘુંટણ પાસે એક યક્ષ છે. આવા પ્રતિમાજી બીજે ક્યાંય જોવા મળતા નથી. મંદિરનાં દ્વાર તથા મંડપમાં સુંદર કારીગરી છે. આ સિવાય કુન્દાદ્રિ પહાડ ઉપર ઘણી જ ખંડીત પ્રતિમાઓ તથા કલાપૂર્ણ શિલાખંડો જોવા મળે છે. તેથી એટલું જરૂર નક્કી થાય છે કે આ સ્થળ પ્રાચીન સમયમાં બહું જ પ્રસિદ્ધ તીર્થસ્થાન હોવું જોઈએ.

સંસારમાં જેને સુખ જણાય તેને માટે આત્મિક સુખ ઘણું દૂર છે અને સંસાર જેને હળાહળ ઝેર જેવો લાગે તેને માટે આત્માનુભવ અત્યંત નજીક છે.

o o o o o

પર તરફના વિકલ્પો છોડીને, રાગનો પ્રેમ તોડીને, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.